પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૬૮ | ૨૮ ઓગસ્ટ, ૨૦૨૧, શનિવાર; શ્રાવણ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કાબુલ એરપોર્ટ પર આતંકીઓનું 'ગેંગવોર'

## આત્મઘાતી હુમલામાં મુત્યુઆંક ૧૦૩ થયો : કાબુલ હુમલાની જવાબદારી આઈએસઆઈએસના ખુરાસાન ગ્રુપે લીધી











કાબુલ, તા.૨૭

કાબુલ એરપોર્ટમાં વિસ્ફોટ થયા બાદ ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના સિનેટર અને પૂર્વ પ્રવક્તા ડેન ક્રેનશોએ પ્રેસિડન્ટ બાઈડન પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું- મિસ્ટર પ્રેસિડન્ટ હવે આ મામલાને સંભાળો, જેને તમે જ ઊભી કરી છે. આ સમસ્યાથી ભાગવાનો પ્રયાસ ન કરો. તમારા હાથ લોહીથી રંગાયેલા છે. આપણે હજુ જંગના મેદાનમાં છીએ. આને યુદ્ધનો અંત સમજવાની ભૂલ ન કરતા. તમે દુશ્મનને વધુ એક ફાયદાકારક તક આપી છે. બ્લાસ્ટના લગભગ અડધા કલાક પછી જ અમેરિકાએ પોતાના નાગરિકોને કાબુલ એરપોર્ટ ન જવાની અને આ વિસ્તારથી દૂર રહેવાની એડવાયઝરી જાહેર કરી છે. કાબુલ સ્થિત અમેરિકી એમ્બેસીએ પોતાના ટ્વિટર હેન્ડલ પર આ એડવાયઝરી શેર કરી છે. ખાસ વાત એ છે કે બુધવારે જ એક અમેરિકી અધિકારીએ કહ્યું હતું કે જો અફઘાનિસ્તાનના અલગ-અલગ વિસ્તારોમાં કોઈ અમેરિકી છે તો તેઓ તાત્કાલિક એમ્બેસીનો સંપર્ક કરીને કાબુલ એરપોર્ટ પહોંચે. આ પહેલાં તાલિબાને અમેરિકાને ચેતવણી આપી હતી કે ૩૧ ઓગસ્ટ સુધીમાં કોઈપણ કાળે તેઓ દેશ છોડી દે. અમેરિકાએ પણ નિશ્ચિત સમયમાં દેશમાંથી સેના હટાવવાની વાત કરી હતી. જોકે આજે જ વ્હાઈટ હાઉસે ૩૧ પછી પણ જો જરૂર લાગશે તો રેસ્ક્યૂ-ઓપરેશન ચલાવવાની જાહેરાત કરી હતી. જોકે તાલિબાનના સ્પોક્સપર્સને આ વાતનો ઈનકાર કર્યો હતો કે કાબુલ એરપોર્ટ પર કોઈ પણ પ્રકારના આતંકી હુમલાની આશંકા છે. કાબુલ એરપોર્ટમાં ભાગદોડ જોવા મળી રહી છે. આ વચ્ચે અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને બ્રિટને આજે જ કાબુલ એરપોર્ટમાં આતંકી હુમલો થશે એવી શક્યતા દાખવી પોતાના નાગરિકોને હાલ કાબુલ એરપોર્ટ પર નહીં જવાની તેમજ જે લોકો ત્યાં હાજર છે તેમને તાત્કાલિક ત્યાંથી અન્ય સ્થાને ખસી જવાની સૂચના આપી હતી કાબુલ સ્થિત અમેરિકી એમ્બેસીએ કહ્યું હતું કે જેઓ કાબુલ એરપોર્ટના અબ્બે


● અનુસંધાન પાન-૭ પર

## અમે આતંકીઓને પકડી, પકડીને મારીશું : બાઈડન

### કાબુલમાં બોમ્બ વિસ્ફોટમાં ૧૨ અમેરિકી સૈનિકો માર્યા ગયા : બાઈડને કહ્યું અમે અમેરિકન નાગરિકોને અફઘાનિસ્તાનમાંથી બચાવીશું, અમે અમારા અફઘાન સાથીઓને બહાર કાઢીશું અને અમારું મિશન ચાલુ રહેશે

વોશિંગ્ટન,તા.૨૭

કાબુલ એરપોર્ટની બહાર બોમ્બ ધડાકામાં અમેરિકન સૈનિકોના મોત બાદ રાષ્ટ્રપ્રમુખ જો બાઈડન જોરદાર ગુસ્સે છે. હુમલા બાદ જો બાઈડને વ્હાઈટ હાઉસમાં આપેલા ભાષણમાં કહ્યું હતું કે અમે આતંકવાદીઓને માફ નહીં કરીએ, અમે તેમને શોધીશું અને તેમને સજા આપીશું. પ્રાપ્ત માહિતી પ્રમાણે કાબુલ એરપોર્ટની બહાર આત્મઘાતી હુમલામાં ૧૨ અમેરિકન સૈનિકોના મોત થયા છે. જેથી જો બાઈડને આ મોટી જાહેરાત કરી છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ જો બાઈડને કાબુલના હુમલાખોરોને ચેતવણી આપતા કહ્યું અમે માફ નહીં કરીએ. અમે ભૂલીશું નહીં. અમે તમને શોધીને મારીશું અને તમારા કૃત્યો માટે તમને સજા આપીશું. રાષ્ટ્રપ્રમુખ બાઈડને કહ્યું અમે અમેરિકન નાગરિકોને અફઘાનિસ્તાનમાંથી બચાવીશું. અમે અમારા અફઘાન સાથીઓને પણ બહાર કાઢીશું અને અમારું મિશન ચાલુ રહેશે. કાબુલ એરપોર્ટની બહાર આત્મઘાતી હુમલા બાદ યુએસ પ્રમુખ જો બાઈડને કહ્યું અત્યાર સુધી કાબુલ એરપોર્ટ પર થયેલા હુમલામાં તાલિબાન અને ઈસ્લામિક સ્ટેટ વચ્ચે જોડાણના કોઈ પુરાવા નથી.



● અનુસંધાન પાન-૭ પર

## છત્તિસગઢના મુખ્યમંત્રી પદેથી ભૂપેશ બઘેલની વિદાય નિશ્ચિત

### ૭૦ ધારાસભ્યો છતાં કોંગ્રેસમાં આંતરિક વિખવાદ : બઘેલની સામે કોંગ્રેસના બીજા વરિષ્ઠ નેતા ટી એસ સિંહદેવ પડેલા છે અને તેમની પાસે પણ ધારાસભ્યોનું સમર્થન

છત્તીસગઢ, તા.૨૭

પંજાબ કોંગ્રેસ બાદ છત્તીસગઢ કોંગ્રેસમાં પણ આતંરિક ઘમાસાણ ચાલી રહ્યુ છે અને હવે છત્તીસગઢ સીએમ પદેથી ભૂપેશ બઘેલની વિદાય થવાના એંધાણ મળી રહ્યા છે. છત્તીસગઢમાં ભૂપેશ બઘેલની સામે કોંગ્રેસના બીજા વરિષ્ઠ નેતા ટી એસ સિંહ દેવ પડેલા છે અને તેમની પાસે પણ ધારાસભ્યોનુ સમર્થન છે. બીજી તરફ રાહુલ ગાંધી સાથે આ બંને નેતાઓ મળવાના છે. આ મુલાકાત નિર્ણાયક સાબિત થાય તેમ છે.

એક ટીવી ચેનલે કોંગ્રેસના સૂત્રોના હવાલાથી જણાવ્યુ છે કે, રાહુલ ગાંધી પોતે ઈચ્છી રહ્યા છે કે, રાજ્યની કમાન હવે ભૂપેશ બઘેલની જગ્યાએ ટીએસ સિંહ દેવને સોપવામાં આવે. તેમજ સત્તાની હેરફેર કોઈ વિવાદ વગર થવી જોઈએ.

આ સંજોગોમાં આજે યોજાનારી બેઠક પર બધાની નજર છે. સત્તાનુ હસ્તાંતરણ કોઈ વિવાદ વગર થાય તે જોવાની જવાબદારી કોંગ્રેસના વરિષ્ઠ નેતા કે સી વેણુગોપાલને આપવામાં આવી છે. જોકે પાર્ટી તરફથી આ બાબતને હજી કોઈ સમર્થન અપાયુ નથી. નેતાઓને પણ મૌન રહેવાનો આદેશ અપાયો છે. છત્તીસગઢમાં ભાજપની હાર બાદ કોંગ્રેસની સરકાર બની ત્યારે ભૂપેશ બઘેલને

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં એક જ દિવસમાં ૧ કરોડ નાગરિકોને વેક્સિન અપાઈ

નવી દિલ્હી, તા.૨૭

દેશમાં એક જ દિવસમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧ કરોડ નાગરિકોને કોરોનાની વેક્સિન અપાયાની વિક્રમ કામગીરી નોંધાઈ છે. આ માહિતી આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ ટ્વીટર પર આપી હતી. શ્રી માંડવિયાએ દેશના આરોગ્ય કર્મીઓને વિક્રમજનક કામગીરી માટે અભિનંદન પાઠવી કોરોના સામેના યુદ્ધમાં મહત્વની જવાબદારી નિભાવવા બદલ બિરદાવ્યા હતા.

છેલ્લા ૨૪ કલાકમાં ૧ કરોડ વેક્સિન આપવાનો ભારતનો આ વિક્રમ વિશ્વના આરોગ્ય ક્ષેત્રમાં નોંધપાત્ર બન્યો છે. છેલ્લા ૧૫ દિવસમાં ઘનિષ્ઠ વેક્સિનેશન અભિયાનના ભાગરૂપે શુક્રવારે આ વિક્રમજનક કામગીરી સંપન્ન કરાઈ હતી.

## કિશ્તવાડમાંથી હિઝબુલના બે આતંકવાદીઓ ઝડપાયા

શ્રીનગર, તા.૨૭

જમ્મુના કિશ્તવાડમાંથી હિજબુલ મુજાહિદીનના બે આતંકીઓની ધરપકડ કરાઈ છે. બંને આતંકી કાશ્મીર ખીણના અનંતનાગમાં સક્રિય હિજબુલના આતંકીઓના સંપર્કમાં હતા. કિશ્તવાડ જિલ્લામાં સેનાના ઠેકાણાની જાણકારી હિજબુલ સુધી પહોંચાડી રહ્યા હતા. બંને આતંકીઓની પોલીસે ધરપકડ કરી લીધી છે.

● અનુસંધાન પાન-૭ પર

## રિલાયન્સ લાઈફ સાયન્સિઝની વેક્સિનને ક્લિનિકલ ટ્રાયલ માટે મંજૂરી

### વેક્સિનની ક્લીનિકલ ટ્રાયલ માટે મંજૂર કરવામાં આવેલી રિકોમ્બિનેન્ટ પ્રોટીન બેઈઝ્ડ બે ડોઝવાળી વેક્સિન

નવી દિલ્હી, તા.૨૭

મુકેશ અંબાણીની કંપની રિલાયન્સ લાઈફ સાયન્સીઝ દ્વારા તૈયાર કરવામાં આવી રહેલી કોરોના વેક્સિનને ડ્રગ કંટ્રોલર દ્વારા ક્લીનિકલ ટ્રાયલ માટે લીલી ઝંડી આપી દેવામાં આવી છે. તે ૨ ડોઝવાળી વેક્સિન છે. જાણવા મળ્યા મુજબ આ ક્લીનિકલ ટ્રાયલ માટે મંજૂર કરવામાં આવેલી રિકોમ્બિનેન્ટ પ્રોટીન બેઈઝ્ડ વેક્સિન છે.

એસઈસીની બેઠકમાં રિલાયન્સ લાઈફની અરજીની સમીક્ષા કરવામાં આવી હતી અને તેને મંજૂરી આપવામાં આવી હતી. રિલાયન્સે પોતાની પ્રસ્તાવિત વેક્સિનના ફેઝ-૧ ટ્રાયલ માટે ડ્રગ રેગ્યુલેટરનો સંપર્ક કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, રિલાયન્સ લાઈફ એ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સત્તાવાર કંપની છે જે થોડા સમયથી વેક્સિનને લઈ કામ કરી રહી હતી. જાણવા મળ્યા મુજબ ફેઝ-૧ ક્લીનિકલ ટ્રાયલથી મેક્સિમમ ટોલરેટેડ ડોઝ નિર્ધારિત કરવાના ઉદ્દેશ્યથી વેક્સિનની સુરક્ષા, સહનશીલતા, ફાર્માકોકાઈનેટિક્સ અને દવાઓની ક્રિયાઓના મિકેનિઝમ અંગે જાણકારી પ્રાપ્ત કરવાનો છે. નિષ્ણાતોનું માનીએ તો ટોલરેટેડ ડોઝની શક્તિ તપાસવા માટે સામાન્ય રીતે ફેઝ-૧ ટ્રાયલ્સ ૫૮ દિવસોની હોય છે. તેના પૂર્ણ થયા બાદ ફેઝ-૨ અને ફેઝ-૩ માટે ટ્રાયલની અરજી કરવામાં આવે છે. ભારતમાં હાલ સીરમ ઈન્સ્ટિટ્યુટની કોવિશીલ્ડ અને ભારત બાયોટેકની કોવેક્સિનનો સૌથી વધારે ઉપયોગ થઈ રહ્યો છે.



## મુખ્યમંત્રી ગહેલોત છાતીમાં દુ:ખાવો થતાં હોસ્પિટલમાં

### રાજસ્થાનના મુખ્યમંત્રીએ ટ્વિટ કરીને જાણકારી આપી : એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવશે

જયપુર, તા.૨૭

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતને છાતીમાં તીવ્ર દુખાવો થવાના કારણે જયપુરની એસએમએસ હોસ્પિટલમાં લઈ જવાયા છે. તેમણે ટ્વીટ કરીને જાણકારી આપી છે. સાથે જ તેમણે કહ્યુ કે એસએમએસ હોસ્પિટલમાં જ તેમની એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવશે. ડૉક્ટર સતત તેમના સ્વાસ્થ્ય પર નજર રાખી રહ્યા છે. સીએમ ગેહલોતની તબિયત ખરાબ થવાની માહિતી મળતા જ સ્વાસ્થ્ય મંત્રી ડૉ. રઘુ શર્મા પણ એસએમએસ હોસ્પિટલ પહોંચ્યા છે. મુખ્યમંત્રી ગેહલોતે ટ્વિટ કરીને કહ્યું કે, "મને કોવિડથી સ્વાસ્થ્ય સમસ્યાઓ હતી. ગઈકાલથી, મને મારી છાતીમાં તીવ્ર દુખાવો થઈ રહ્યો હતો, ત્યારબાદ આજે મેં એસએમએસ હોસ્પિટલમાં મારું સીટી-એન્જીયો કરાવ્યું. અહીંના ડોકટરો દ્વારા મારી એન્જીયોપ્લાસ્ટી કરાશે. મને આનંદ છે કે મારી એસએમએસ હોસ્પિટલમાં સારવાર થઈ રહી છે. હું ઠીક છું અને જલ્દી પાછો આવીશ. આપ સૌ ની પ્રાર્થના અને આશીર્વાદ મારી સાથે છે.

તા. ૭ સપ્ટેમ્બરથી શરૂ થતી સાંજે ૭ વાગ્યાની બેચમાં જોડાઈ કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો

નાણાવટી

The Leader Since 1996

ઘ-૨ નજીક, સે.૭બી, ગાંધીનગર. ● ફોન : ૯૬૨૪૦૧૧૫૫૫

ઓફિસ સમય : સવારે ૮ થી ૧, સાંજે ૪ થી ૮

ડેમો માટે અમારી YouTube Channelની મુલાકાત લો.

ketannanavatigandhinagar

